# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

******************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓસ્લોમાં ત્રીજી ભારત-નોર્ડિક સમિટમાં ભાગ લેશે. શ્રી મોદી આજે ઈટાલીના રોમ જશે.**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં છત્તીસગઢના બસ્તરમાં કેન્દ્રીય ક્ષેત્રીય પરિષદ ચાલી રહી છે.**
3. **પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર લગભગ 90 પૈસાનો વધારો કરાયો**
4. **સર્વોચ્ચ અદાલતે રખડતા શ્વાનને રસીકરણ પછી પાછા ન છોડવા અંગેના તેના અગાઉના નિર્દેશો પરત ખેંચવાનો ઇનકાર કર્યો**
5. **IPL ક્રિકેટમાં, આજે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મેચ રમાશે.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# INDIA NORDIC SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓસ્લોમાં ત્રીજી ભારત-નોર્ડિક સમિટમાં ભાગ લેશે. આ શિખર બેઠકનો ઉદ્દેશ્ય ટેકનોલોજી, નવીનીકરણીય ઉર્જા, સંરક્ષણ અને વેપાર સહિતના ક્ષેત્રોમાં નોર્ડિક દેશો સાથે ભારતની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવાનો છે.

વધુ અહેવાલ અમારા સંવાદદાતા તરફથી......

(V/C : સંગીતા ગોડબોલે)

# PM-SWEDISH PM ARTICLE

ભારત અને સ્વીડને ભાર મૂક્યો છે કે વૈશ્વિક અનિશ્ચિતતાના સમયે સહકાર, સહિયારી સમૃદ્ધિ અને ટકાઉ ભવિષ્યનો માર્ગ નક્કી કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના સ્વીડિશ સમકક્ષ ઉલ્ફ ક્રિસ્ટરસન દ્વારા લખાયેલા એક લેખમાં, એ વાત પર ભાર મૂકાયો કે વધતી જતી ભૂ-રાજકીય અનિશ્ચિતતા, ઊર્જા અસુરક્ષા અને આર્થિક વિભાજનના સમયે, વિશ્વ પાસે સંકુચિત રાષ્ટ્રીય અભિગમોમાં પીછેહઠ અથવા ભાગીદારીને મજબૂત બનાવવાનો નિર્ણાયક વિકલ્પ છે. લેખમાં, બંને પ્રધાનમંત્રીઓએ નોંધ્યું હતું કે સંયુક્ત રાષ્ટ્ર તેની 80મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે, ત્યારે આંતરરાષ્ટ્રીય સહયોગ અને બહુપક્ષીયતાનું મૂલ્ય વધુ સ્પષ્ટ થયું છે.

# PM ITALY VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમના પ્રવાસના અંતિમ ચરણમાં આજે ઇટાલીના રોમ જશે. વેપાર, રોકાણ અને ટેકનોલોજીકલ નવીનતામાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત બનાવવાના હેતુથી શ્રી મોદી ઇટાલીની મુલાકાત લેશે. શ્રી મોદીની ઇટાલીની આ મુલાકાત ત્યાંનાં પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોનીના વ્યક્તિગત આમંત્રણ પર યોજાઇ છે. પ્રસ્તુત છે એક અહેવાલ...

[VOICE CAST: SUPARNA]

ઇટાલીના વિવિધ ભાગોમાંથી પ્રવાસ કરનારા ભારતીય સમુદાયના સભ્યો માટે, આ પ્રસંગ કોઈ પણ રીતે સ્મારકથી ઓછો નથી. ભારત અને ઇટાલી વચ્ચેના સંબંધો સતત વિકસતા હોવાથી તેઓ આશાથી ભરેલા છે. શિક્ષણ, કૃષિ, ડેરી ફાર્મિંગ, રિયલ એસ્ટેટ અને અન્ય વ્યવસાય ક્ષેત્રો જેવા વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતા, બંને મૈત્રીપૂર્ણ રાષ્ટ્રોના નેતાઓ વચ્ચેની આ ઉચ્ચ-સ્તરીય દ્વિપક્ષીય બેઠક માટે દરેકની પોતાની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ છે.

# REV. AMIT SHAH -CHHATTISGARH VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતા છત્તીસગઢના જગદલપુર ખાતે કેન્દ્રીય ક્ષેત્ર પરિષદની ઉચ્ચ સ્તરીય બેઠક ચાલી રહી છે. આ 26મી બેઠકમાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ અને છત્તીસગઢના મુખ્યમંત્રીઓ ભાગ લઈ રહ્યા છે. કેન્દ્રીય ગૃહ સચિવ, ગુપ્તચર બ્યુરોના ડિરેક્ટર, ચારેય રાજ્યોના પોલીસ મહાનિર્દેશકો, વરિષ્ઠ પોલીસ અને વહીવટી અધિકારીઓ પણ આ બેઠકમાં ભાગ લઈ રહ્યા છે.

# REV. FUEL PRICE HIKE

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આજે પ્રતિ લિટર લગભગ 90 પૈસાનો વધારો કરાયો છે. એક અઠવાડિયાથી ઓછા સમયમાં આ બીજી વાર વધારો કરાયો છે. દિલ્હીમાં, પેટ્રોલ હવે 98 રૂપિયા 64 પૈસા પ્રતિ લિટર છે, જ્યારે ડીઝલનો ભાવ 91 રૂપિયા 58 પૈસા છે. મુંબઈમાં, પેટ્રોલ 107 રૂપિયા 59 પૈસા અને ડીઝલ 94 રૂપિયા 8 પૈસા પ્રતિ લિટરના ભાવે વેચાઈ રહ્યું છે. કોલકાતામાં પેટ્રોલનો ભાવ 109 રૂપિયા 70 પૈસા અને ડીઝલનો ભાવ 96 રૂપિયા 7 પૈસા નોંધાયો છે, જ્યારે ચેન્નાઈમાં પેટ્રોલનો ભાવ 104 રૂપિયા 49 પૈસા અને ડીઝલનો ભાવ 96 રૂપિયા 11 પૈસા પ્રતિ લિટર છે.

ઉલ્લેખનીય છે કે 15 મેના રોજ પ્રતિ લિટર 3 રૂપિયાનો વધારો કરાયો હતો. ઈરાન સંઘર્ષ અને હોર્મુંઝ સ્ટ્રેટમાં વિક્ષેપો વચ્ચે વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઉછાળો આવ્યા બાદ આ વધારો થયો છે.

# RAJNATH-VIETNAM

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે વિયેતનામના રાષ્ટ્રપતિ ટો લામ સાથે મુલાકાત કરી બંને દેશો વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ ગાઢ બનાવવાની ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. સોશિયલ મીડિયા સંદેશમાં, સંરક્ષણ મંત્રીએ જણાવ્યું હતું કે આ સહયોગ બંને દેશો વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીનો મુખ્ય આધારસ્તંભ છે.

શ્રી સિંહે હનોઈમાં વિયેતનામના સંરક્ષણ મંત્રી જનરલ ફાન વાન ગિઆંગ સાથે દ્વિપક્ષીય બેઠક પણ કરી. બંને નેતાઓએ સંયુક્ત રીતે વિયેતનામના એરફોર્સ ઓફિસર્સ કોલેજ ખાતે સ્થાપિત ભાષા પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યું. AI અને ક્વોન્ટમ ટેકનોલોજીના ક્ષેત્રમાં સમજૂતી કરારનું આદાનપ્રદાન કરાયું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SC-STRAY DOGS

સર્વોચ્ચ અદાલતે જાહેર સ્થળોએથી ઉપાડેલા રખડતા શ્વાનને રસીકરણ પછી પાછા ન છોડવા અંગેના તેના અગાઉના નિર્દેશો પરત ખેંચવાનો ઇનકાર કર્યો. ન્યાયમૂર્તિ વિક્રમ નાથની આગેવાની હેઠળની ખંડપીઠે નવેમ્બર 2025ના આદેશમાં ફેરફાર કરવાની માગ કરતી અરજીઓને ફગાવી દીધી હતી અને અધિકારીઓને આવા શ્વાનને આશ્રયસ્થાનોમાં રાખવાનો નિર્દેશ આપ્યો.

અદાલતે બાળકો, વૃદ્ધો અને મુસાફરો પર શ્વાનના હુમલાની ખૂબ જ ચિંતાજનક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો. ખંડપીઠે ચેતવણી આપી હતી કે નિર્દેશોનો અમલ કરવામાં નિષ્ફળ રહેલા અધિકારીઓને તિરસ્કાર અને શિસ્તભંગના પગલાંનો સામનો કરવો પડી શકે છે. અદાલતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રો સ્થાપવા, હડકવા વિરોધી રસીઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા અને કાયદેસર રીતે માન્ય પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો.

# COURT-AAP LEADERS

દિલ્હી વડી અદાલતે આજે ન્યાયાધીશ સ્વર્ણ કાંતા શર્મા વિરુદ્ધ સોશિયલ મીડિયા પર કથિત પોસ્ટ પર ફોજદારી અવમાનના કેસમાં અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા, સંજય સિંહ અને સૌરભ ભારદ્વાજ સહિત આપ નેતાઓ પાસેથી જવાબ માંગ્યો છે. ન્યાયાધીશ નવીન ચાવલા અને રવિન્દર દુડેજાની બેન્ચે નોટિસ જારી કરી છે અને જવાબ દાખલ કરવા માટે ચાર અઠવાડિયાનો સમય આપ્યો છે. આ મામલાની સુનાવણી 4 ઓગસ્ટે થશે.

# RAILWAYS- SANCTION

ભારતીય રેલ્વેએ ચેન્નાઈ ઉપનગરીય રેલ નેટવર્કને વેગ આપવા માટે અરાક્કોનમ-ચેંગલપટ્ટુ ડબલિંગ પ્રોજેક્ટ માટે 993 કરોડ રૂપિયા મંજૂર કર્યા. આ પ્રોજેક્ટ 68 કિલોમીટર લાંબો છે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આ પ્રોજેક્ટ વ્યસ્ત ચેન્નાઈ ઉપનગરીય રેલ નેટવર્ક પર ભીડ ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તથા મુસાફરો અને માલવાહક અવરજવરને મજબૂત બનાવશે, જેનાથી સિમેન્ટ, ઓટોમોબાઇલ્સ, ખાદ્ય અનાજ, લોખંડ અને સ્ટીલ સહિતની મુખ્ય ચીજવસ્તુઓના પરિવહનને ફાયદો થશે.

# RAILWAYS- APPROVALS

ભારતીય રેલ્વેએ જમ્મુ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સેક્શન પર 238 કરોડ રૂપિયાના ખર્ચે પુલ સંરક્ષણ કાર્યોને મંજૂરી આપી. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે આ કાર્યો દેશના કેટલાક સૌથી પડકારજનક ભૂપ્રદેશોમાં સલામત અને વિશ્વસનીય જોડાણ સુનિશ્ચિત કરવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે આજે મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના કેટલાક સ્થળોએ ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો અને ઓડિશામાં દિવસ દરમિયાન ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની શક્યતા છે.

બીજી તરફ આંદામાન અને નિકોબાર ટાપુઓ, કેરળ, માહે, લક્ષદ્વીપ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તો બિહાર, ગંગા કિનારાના પશ્ચિમ બંગાળના વિસ્તારો, ઓડિશા, ઝારખંડ, તેલંગાણા, જમ્મુ અને કાશ્મીર અને ઉત્તર-પૂર્વના કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.

# DAY IPL

IPL ક્રિકેટમાં, આજે જયપુરમાં રાજસ્થાન રોયલ્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ વચ્ચે મેચ રમાશે. લીગ સ્ટેજનો અંત નજીક આવી રહ્યો છે, ત્યારે બાકી રહેલી એકમાત્ર પ્લેઓફ જગ્યા માટે પાંચ ટીમો સ્પર્ધામાં છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ, ગુજરાત ટાઇટન્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ પહેલાથી જ પ્લેઓફ માટે ક્વૉલિફાય થઈ ચૂક્યા છે, જ્યારે મુંબઈ ઇન્ડિયન્સ અને લખનૌ સુપર જાયન્ટ્સ રેસમાંથી બહાર થઈ ગયા છે.